**કૃપાકરી પ્રસિધ્ધી માટે** **૮ એપ્રિલ ૨૦૦૯**

## ભાજપ નેતા અને ભાજપ-શિવસેના યુતી અને મિત્રપક્ષ નાં ઉત્તર મુંબઈ લોકસભા મતદાર સંઘ ના ઉમેદવાર શ્રી રામ નાઈકે બુધવાર, ૮ એપ્રિલ ૨૦૦૯ ના પત્રકાર પરિષદમાં વિતરીત કરેલ નિવેદન

### *શરદ પવારે કરી માછીમારો ની સાથે કરી ભયંકર છેતરામણી : રામ નાઈક*

**મુંબઇ,બુધવાર :** "કૃષીપ્રધાન શ્રી શરદ પવારે આખા દેશના માછીમારો સાથે ભયંકર છેતરપીંડી કરી છે. તેમણે ડિઝલ પર મળનારી કર રાહત રદ્દ કરેલ છે. આવતી ચૂંટણીમાં તેનું પરિણામ ફકત રાષ્ટ્રવાદી કોંગ્રેસને જ નહીં પણ યુપીએ ને દિરયાકાંઠાના સર્વ રાજયોમાં ભોગવવું પડશે." એવી ટીકા ભાજપ નેતા અને ભાજપ-શિવસેના યુતીનાં ઉત્તર મુંબઈ લોકસભા ક્ષેત્રના ઉમેદવાર શ્રી રામ નાઈકે આજે મુંબઈ ખાતે કરી. માછીમારોને ડિઝલ પર મળનારી કર રાહત હવે પછી ફકત ગરીબી રેખા નીચેનાં માછીમારોને આપવાનો કેંદ્ર સરકારનો નિર્ણય એટલે હાલ મળી રહેલ કર રાહત રદ્દ કરવાનો જ નિર્ણય છે. આ 'તુઘલગી' નિર્ણય હોઈ મત્સ્યદુકાળ,મોંઘવારી અને મંદી ને કારણે ત્રાસેલા માછીમારો ના ઘા પર મીઠું ભભરાવવા જેવી જ વાત થઈ, તેમ આ વેળાંએ શ્રી રામ નાઈકે કહ્યું.

માછીમારોને ડિઝલ પરની કર રાહત વધારી આપવી તેમજ ખેડૂતોની માફક ઓછા ભાવે કર્ઝ પુરવઠો અને બીજા અમુક પ્રશ્નો નાં સંદર્ભે શ્રી રામ નાઈકે કેંદ્રીય કૃષિ પ્રધાન શ્રી શરદ પવારને પહેલી વખત ૨૦૦૭ માં પત્ર લખ્યો,૨૩ ઓકટોબર ૨૦૦૭ નાં પ્રત્યક્ષ ચર્ચા પણ કરી. આવિષયનો પ્રમાણીકતાથી પત્રવ્યવહાર કર્યો. છેલ્લો પત્ર ૨૦ ફેબ્રુઆરી ૨૦૦૯ ના પાઠવ્યો. પરંતુ માછીમારોની આ સર્વ સમસ્યા બાબતે કૃષી પ્રધાન શ્રી શરદ પવાર અને યુપીએ ની કેંદ્ર સરકારે ફકત નિરાશજનક જ નહીં પણ સંતાપજનક નિર્ણય લીધેલ છે.આ સંદર્ભે વધુ માહિતી આપતાં શ્રી રામ નાઈકે કહ્યું કે "પ્રા.મધુ દંડવતે નાણાં પ્રધાન હતાં તેવેળાં મેં નાણા બજેટ ની ચર્ચા માં પ્રશ્ન માંડયો હતો . તેવેળાં ૧૯૯૦ થી નાના માછીમારોને મદદ તરીકે ડિઝલની આબકારી જકાત પર લીટરદીઠ ૩૫ પૈસાની રાહત આપવાની જાહેરાત તેમણે કરી. શ્રી રાજનાથ સિંહ કૃષી પ્રધાન અને હું પેટ્રોલિયમ પ્રધાન હતાં તેવેળાં આંતરરાષ્ટ્રીય બજારમાં વધેલ પેટ્રોલીયમ પદાર્થો ની કિમતો ને કારણે આ કર રાહત લીટર દીઠ રૂ.૧.૫૦ સૂધી વધારવામાં આવી હતી. ત્યારબાદ સત્તામાં આવેલ યુપીએ સરકારે પેટ્રોલ-ડિઝલ પ્રચંડ મોંઘા કર્યાં. અધુરામાં પૂરૂં માછીમારોને દેશભરમાં મત્સ્યદુકાળનો સામનો કરવાનો વારો આવ્યો છે.માટેજ મોંઘા થયેલાં ડિઝલ પરની કર રાહત રૂ.૪ સૂધી વધારવામાં આવે તો માછીમારોને દિલાસો મળશે એવી માગણી મેં માછીમાર સંગઠન વતી કરી હતી. કૃષીપ્રધાન શ્રી શરદ પવારે આ સંદર્ભે લીધેલ નિર્ણય તાજેતરમાં એક પત્ર મારફત જણાવેલ છે. આ કર રાહત રૂ.૩ લીટરદીઠ વધારતાં હોવાનું કહ્યું છે. પ્રત્યક્ષે આ

સમાચાર માછીમારો માટે ખુશખબર ન હોઈ તેમનાં ઘા પર મીઠું ભભરાવનારાં છે. કારણકે પહેલાંની સવલત સર્વ નાના માછીમારોને હતી,અને હાલ ની સવલત ફકત દરિદ્રરેખા નીચેનાં માછીમારોને જ મળશે. નાની બોટ હોય અને ગરીબી રેખા નીચે હોય તેવો એક તો માછીમાર શરદ પવાર બતાવે " તે મુજબનો પડકાર પોતાનો સંતાપ વ્યકત કરતાં શ્રી રામ નાઈકે કર્યો હતો.

માછીમારી એ મત્સ્ય ખેતીજ માનવામાં આવે છે માટેજ તે કૃષી ખાતાને અંતર્ગત આવે છે. તેમાટેજ ખેડૂતો ની જેમજ માછીમારોને પણ રાષ્ટ્રીય સહકાર વિકાસ મહામંડળ પાસેથી (એનસીડીસી) ચાર ટકા વ્યાજ દરે લોન મળે તેવી માગણી પણ માછીમારોનાં શિષ્ટમંડળે શ્રી રામ નાઈક મારફત કરી હતી. શ્રી શરદ પવારે આ માગણીને પ્રત્યક્ષ ચર્ચા માં સકારાત્મક પ્રતિસાદ આપ્યો હતો. પરંતુ પ્રત્યક્ષે માછીમારોએ તેમની સહકારી સંસ્થા પાસેથી ઋણ લેવું . આ સંસ્થાને એનસીડીસી વેપારી દરે ઋણ આપતી હોય તેવું શ્રી શરદ પવારે શ્રી રામ નાઈકને જણાવી માછીમારોની આ માગણી ને ફગાવી છે. હાલ માછીમારોને ૧૨ થી ૧૪ ટકાના વ્યાજદરે ઋણ મળે છે.

દરીયાના પૂર્ણતઃ આર્થિક વિભાગમાં (એકસકલુસિવ ઈકૉનોમિક ઝોન) કાયદો અને સુવ્યવસ્થા નિર્માણ કરવા માટે નવો કાયદો ઘડવામાં આવે,તેવી માછીમારોની માગણી હતી. આ તરફ મુંબઈ પર થયેલાં દહેશતવાદી હુમલા ને કારણે પણ આ માગણી નું ગાંભીર્ય કોંગ્રેસ સરકારને સમજાવું જોઈતું હતું. પરંતુ આ વિષયનો પ્રમાણીકતાથી પત્રવ્યવહાર કર્યા છતાંયે હજૂ પણ આ સંબંધે કાયદો બનાવવા માટે વિવિધ મંત્રાલયનો એકત્ર વિચાર ચાલૂ હોવાનું શ્રી શરદ પવારે જણાવ્યું છે "દેશમાંના નાગરીકોની સુરક્ષાની લેશમાત્ર પરવા નથી એજ આના પરથી સિધ્ધ થાય છે." તેવો મત શ્રી રામ નાઈકે આ વેળાં વ્યકત કર્યો હતો.

દેશભરમાં જૂદા-જૂદા રાજયોમાં માછીમારી બંદરોનો સમજણપૂર્વક વિકાસ કરવામાં આવે છે.મહારાષ્ટ્રમાં પણ ઠાણા જીલ્હાનાં અર્નાળા સહ મિરકરવાડા (રત્નાગિરી),દેવગડ (આનંદવાડી),સાખેનાતે,હર્ણે, જીવના, કરંજા,આગરદાંડા, આ આઠ બંદરો નો વિકાસ કરવાની યોજના પાછલાં અનેક વર્ષોથી ફકત ચર્ચામાં છે.તે બદલ નિર્ણય લઈ તે ધપાવવા માટે કેંદ્ર સરકાર નાં હસ્તક્ષેપ ની માગણી માછીમારો કરી રહ્યાં હતાં.પરંતુ પ્રત્યક્ષે આઠમાંના દેવગડ (આનંદવાડી) આ એકજ બંદરના વિકાસને લીલી ઝંડી દાખવેલી છે,અન્ય બંદરોનો હાલ સૂધી ટૅકનીકલ અભ્યાસ પણ પૂર્ણ થયેલ નથી તેવું રહસ્યોદ્ઘાટન પણ શ્રી રામ નાઈકે કર્યું છે.

તાજેતરમાં કાર્યાન્વિત થયેલ તારાપુર અણુઉર્જા વિસ્તાર પ્રકલ્પ ૩ અને ૪ ને કારણે દરીયામાં બહોળા પ્રમાણમાં ગરમ પાણી છોડવામાં આવશે. તેના કારણે મત્સ્ય પ્રજનન પર દુષ્પરિણામ થયાની ફરીયાદ ત્યાના માછીમારોને કરી રહ્યા છે. આ પાણીનું નિરીક્ષણ માછીમારોને સાથે લઈ કરવું તેવી પણ માછીમારોની માગણી હતી. પરંતુ તેમ ન કરતાં છોડવામાં આવનારૂં ગરમ પાણી એ ઓછામાં ઓછી મર્યાદા ની અંદર જ હોય છે તેવો પર્યાવરણ મંત્રાલયનો અભિપ્રાય પણ શ્રી પવારે ધારણ કર્યો છે.

"શ્રી શરદ પવાર ના સર્વ નિર્ણયોને કારણે મહારાષ્ટ્રના નહીં પણ આખાય દેશનાં માછીમારો યુપીએ સરકાર પર ગિન્નાશે અને પોતાના મતદાનથી યુપીએ સરકારને સબક શીખવશે." તેવી ચેતવણી પણ શ્રી રામ નાઈકે આપેલ છે.

**(વિનોદ શેલાર)**
પ્રસિધ્ધી પ્રમુખ
**મો.૯૮૬૭૬૮૯૫૪૦**